# એક બેઠકની વાર્તા | નટવર પટેલ

[**કબૂતરનાં બચ્ચાં : લબુ-ઢબુ :** સાંકળચંદ પટેલ, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૨, પૃ. ૧૪, કિં. રૂ. ૧૫/-]

સાંકળચંદ પટેલ અહીં કબૂતરનાં બે બચ્ચાં – લબુ અને ઢબુની બાળસહજ વાર્તા લઈ આવ્યા છે. ચૌદ પાનાંની આ નાનકડી પુસ્તિકામાં એકમાત્ર આ વાર્તા જ છે. વળી તે સચિત્ર છે. ચિત્ર અહીં અડધા ઉપરાંતનું પાનું રોકે છે તેથી વાર્તાનો શબ્દદેહ અતિ પાતળો છે.

વાર્તા કંઈક આવી છે : એક કૂવામાં કબૂતરે માળો કર્યો છે. તેમાં તેનાં બે બચ્ચાં લબુ અને ઢબુ રહે છે. એક વાર કૂવા પરથી હેલિકૉપ્ટર પસાર થાય છે. તેનો ભયાનક અવાજ સાંભળી લબુ ગભરાઈ જાય છે, જ્યારે ઢબુ ગભરાતો નથી. ઢબુ તો કૂવા બહાર પણ ફરવા જાય છે. લબુ બખોલમાં જ લપાઈ રહે છે. એક દિવસ ઢબુની લગ્નની પાર્ટી હોય છે. લબુ તેમાં જતો નથી. કબૂતર બાપના કહેવાથી ગીધ ને સમડી તેને લેવા આવે છે. પાર્ટીમાં તે જે ટેબલ પર બેસે છે તેની નીચે ટેટાની લૂમ રાખેલી હોય છે. બાપના ઇશારે કાગડો ચિનગારી ચાંપે છે ને ગભરાઈને જીવ બચાવવા લબુ પણ ઊડે છે ને પછી ઊડતાં શીખી જાય છે.

વાર્તા નાની છે ને સળંગ છે તેથી બાળવાચકોનો રસભંગ થાય તેમ નથી. અહીં પાને પાને ચિત્રો છે, પરંતુ આ ચિત્રો મોટાભાગનાં (૧૪માંથી ૧૧) કૂવાની બખોલનાં છે જે એકસરખાં લાગે છે. બે-ચાર ચિત્રો જોયા પછી બાળકનો રસ ચિત્રોમાંથી ઊડી જાય એવું બને. વાર્તામાં કબૂતરનાં બચ્ચાં ધીરે ધીરે મોટાં થઈ રહ્યાં છે એ બતાવતાં વર્ણનો સરસ છે. આ જુઓ :

‘....હવે બંને બચ્ચાં મોટાં થઈ ગયાં. એમની આંખો લાલ લાલ ચણોઠી જેવી દેખાતી હતી. એમની પાંખો રાખોડી રંગની થઈ ગઈ હતી. પાંખો પર કાળા રંગના પટા ફૂટી રહ્યા હતા.’ (પૃષ્ઠ ૫)

અહીં માબાપ ગભરુ બચ્ચાને નીડરતાનો પાઠ શીખવે છે. આવા પ્રકારની એક વાર્તા ધીરુબહેન પટેલની ‘બતકનું બચ્ચું’ છે. જે ‘ના, હું તો નહીં તરું’ નો નકાર જવાબ ત્રણ-ત્રણ વાર સરસ રીતે આવર્તન પામે છે. વળી બચ્ચું જે જોડકણું ગાય છે તે બાળવાચકોને તરત યાદ રહી જાય એવું છે. આ વાર્તામાં એનો અભાવ છે. લેખકે અહીં આવો પ્રયોગ કર્યો હોત તો ? વાર્તા વાંચી રહ્યા બાદ બાળમાનસમાં કેટલાક પ્રશ્નો ઊભા થઈ શકે છે.

બંને બચ્ચાં ઈંડાંમાંથી સાથે બહાર આવ્યાં હોય તો તેમની ઉંમર વચ્ચે આટલો બધો ફરક કેવી રીતે હોઈ શકે ? ઢબુ ઊડતાં શીખ્યું ને નિશાળે પણ જાય છે ને છેવટે તેનાં લગ્ન લેવાય છે. ત્યાં સુધી લબુ ઊડતાં જ ન શીખે ? વળી પૃષ્ઠ ૧૧ પર મા-બાપ લબુઢબુ વિશે વાત કરે છે ત્યાં પિતા આમ બોલે છે, “આ લબુ ઢબુ કરતાંય મોટો છે, છતાં હજી ઊડવાનું નામ લેતો નથી.’ તો બંનેમાં મોટો તો લબુ જ ને ! છતાં લગ્ન ઢબુના લેવાય જે કૃતક લાગતું નથી. છેલ્લે ટેટા ફોડીને લબુને ઉડાડવાની વાત યોગ્ય લાગતી નથી. કોઈ બીજો ઉપાય કરી લબુને ઊડતો ન કરી શકાય ?

એકંદરે બાળવાર્તા કંઈક સંદેશો લઈ આવી છે. બાળવાચકોને ગમશે એમાં બેમત નથી.